
૫૭ C

૬૦ શ્રી દક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળા

16000052



# પૂછું?

સંપાદન: ગિજુભાઈ ◆ તારાબેન

સંપાદકો : ગિજુભાઈ અને તારાબેન

# પૂછું ?

: લેખક :

ગિજુભાઈ

અમદાવાદ૭
૧૭૬

☆

: પ્રકાશક :

આર. આર. શેઠની કંપની

મુંબઈ-૨ ૦ અમદાવાદ-૧

શ્રી દક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળા
પુસ્તક ૬૦ મું

પ્રકાશક
ભગતભાઈ ભુરાલાલ શેઠ
આર. આર. શેઠની કંપની
પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨
શાખા : ગાંધી રોડ, અમદાવાદ-૧

© પ્રકાશકનાં

મુદ્રણ અગિયારમું : જુલાઈ ૧૯૬૫

મૂલ્ય પચાસ પૈસા

[ ૮૦ પુસ્તકોના સેટના રૂ. ૪૦-૦૦ ]

મુદ્રક
જુગલદાસ ચંપકલાલ મહેતા
શ્રી પ્રવીણ પ્રિન્ટરી
સોનગઢ (સૌરાષ્ટ્ર)

# પૂછું ?

સ૦ : ભાવનગર, અમદાવાદ, કલકત્તા, હિમાલય; આવાં નામો શાથી પડ્યાં ?

જ૦ : ભાવસિંહજી નામના રાજાએ જે શહેર વસાવ્યું તેનું નામ ભાવનગર પડ્યું. અહમદશાહ બાદશાહે જે શહેર વસાવ્યું તે અમદાવાદ. કાલિમાતાના નામ પરથી કલકત્તા. હિમાલય એટલે હિમનું આલય હિમ એટલે બરફ અને આલય એટલે ઠેકાણું.

સ૦ : બુદ્ધ. મુસલમાની અને ઈસાઈ (ખ્રિસ્તી) ધર્મો કોણે સ્થાપ્યા ?

જ૦ : ગૌતમબુદ્ધે બુદ્ધધર્મ, હઝરત મહમદ પયગમ્બરે મુસલમાની ધર્મ અને જિસસ ક્રાઈસ્ટે (ઈસુખ્રિસ્ત) ઈસાઈ ધર્મો સ્થાપ્યા.

સ૦ : નહાવાની શી જરૂર છે? ન નાહીએ તો ?
જ૦ : શરીરની ચામડી સ્વચ્છ રાખવા માટે નહાવું જોઈએ. ન નહાવાથી ગૂમડાં, ખસ વગેરે ચામડીના રોગો થાય છે.
સ૦ : પાણીમાં કઈ કઈ વસ્તુઓ તરી શકે?
જ૦ : તૂંબડાં, દેવદાર, સીમળાનું લાકડું, તેલ, એરંડિયું, માખણ, ઘી, બરફ, નાળિયેર, બૂચ, વગેરે.
સ૦ : વહાણ હાંકે તે કોણ? એંજિન હાંકે તે કોણ?
જ૦ : વહાણ હાંકે તે ટંડેલ, સારંગ કે કપ્તાન કહેવાય. એંજિન હાંકે તે ડ્રાઇવર.
સ૦ : પાણીનો રંગ કેવો કહેશો ?
જ૦ : પાણી રંગ વગરનું છે.
સ૦ : દીવાસળી ન હતી ત્યારે લોકો શું કરતાં હશે ?
જ૦ : અરણીનાં બે લાકડાં ઘસીને અથવા તો ચકમક અને લોઢું ઘસીને દેવતા પાડતા.
સ૦ : રામાયણ અને મહાભારત કોણે રચ્યાં?
જ૦ : રામાયણ વાલ્મીકિ ઋષિએ અને મહાભારત વ્યાસ મુનિએ.

સ૦ : ઝાડ ઘણું મોટું હોય અને બી છેક નાનું હોય એવાં કયાં ઝાડ?

જ૦ : ઉંમરો, વડ અને પીપળો.

સ૦ : શિયાળામાં કયાં કયાં અનાજ પાકે છે?

જ૦ : ઘઉં, ચણા, જવ.

સ૦ : ચોમાસામાં કયાં કયાં અનાજ પાકે?

જ૦ : જુવાર, બાજરી, બાવટો, કોદરા, ડાંગર, મગ, અડદ.

સ૦ : કેસર ક્યાં થાય છે?

જ૦ : હિમાલય પર્વત ઉપર, કાશ્મીરમાં અને ઇરાન તથા તુર્કસ્તાનમાં.

સ૦ : બાર માસનાં નામ ગણાવશો?

જ૦ : કારતક, માગશર, પોશ, મહા, ફાગણ, ચૈત્ર, વૈશાખ, જેઠ, અશાડ, શ્રાવણ, ભાદરવો અને આસો.

સ૦ : છ ઋતુઓ ગણાવશો?

જ૦ : વસંત, ગ્રીષ્મ, વર્ષા, શરદ, હેમન્ત અને શિશિર.

સ૦ : મધમાખો મધપૂડો ક્યારે કરે છે?

જ૦ : શરદ, વસંત અને ગ્રીષ્મ ઋતુમાં.

સ૦ : કાચ શાનો બનતો હશે?

જ૦ : રેતી કે સિલિકા કે ચકમક, અને સોડા તથા પોટાશ.

સ૦ : અકસ્માત વખતે રેલ્વે ગાડીને શી રીતે થોભાવવી ?

જ૦ : દરેક ડબ્બામાં એક સાંકળ રહે છે તે ખેંચવી. વિના કારણે ખેંચનારનો રૂા. ૫૦) દંડ થાય છે.

સ૦ : લોઢું ક્યાંથી નીકળતું હશે ?

જ૦ : ભોંયમાંથી. માટી સાથે મળેલું હોય છે.

સ૦ : સંસ્કૃતનો મોટામાં મોટો કવિ કોણ ?

જ૦ : કાલિદાસ.

સ૦ : દુનિયામાં ઊંચામાં ઊંચો પર્વત કયો ?

જ૦ : હિમાલય.

સ૦ : રેશમ શી રીતે બને છે ?

જ૦ : રેશમના કીડા થાય છે. તે શેતૂર નામના ઝાડનાં પાંદડાં ખાઈને પોતાના શરીરમાંથી રેશમના તાર કાઢે છે.

સ૦ : તંબૂ શાના બનાવે છે ? તેનાં કારખાનાં ક્યાં છે ? તેની કઈ કઈ જાતો છે ?

જ૦ : તબૂનાં કપડાં કંતાનનાં બને છે. જબલપુર તથા કાનપુરમાં એનાં કારખાનાં છે.

એક થાંભલાંનો, એક ખાંભી, બે ખાંભી, રાવટી, શમિયાના વગેરે પ્રકારની એની જાતો છે.

સ૦ : કપૂર એ શું હશે?

જ૦ : કપૂર એ કપૂર નામના ઝાડનો રસ છે. ઝાડમાં છરીથી કાપ પાડવાથી તેમાંથી રસ ઝરે છે તેનું કપૂર થાય છે.

સ૦ : દોરડાં શાનાં થાય છે?

જ૦ : સૂતર, નાળિયેરી, ભીંડી, શણ અને કેતકીના રેસાનાં થાય છે.

સ૦ : ગુજરાતનો આદિ કવિ કોણ?

જ૦ : જૂનાગઢના ભક્ત-કવિ નરસિંહ મહેતા.

સ૦ : ગુજરાતનાં મુખ્ય બંદરો કયાં કયાં છે?

જ૦ : વવાણિયા, બેડી, ઓખા, દ્વારકા, પોરબંદર, વેરાવળ, દીવ, જાફરાબાદ, મહુવા, ઘોઘા, ભાવનગર, ખંભાત, ભરૂચ, સુરત બીલીમોરા.

સ૦ : ગુજરાતમાં ત્રાંબાપીતળના વાસણો ક્યાં ક્યાં થાય છે?

જ૦ : અમદાવાદ, શિહોર ને વીસનગર.

સ૦ : ખ્રિસ્તી ધર્મનો ધર્મગ્રંથ કયો?

જ૦ : બાઇબલ.

સ૦ : હિન્દુસ્તાન(ભારત)ની વસ્તી કેટલી ?

જ૦ : પાંત્રીશ કરોડ ઓગણત્રીશ લાખ છાસી હજાર લગભગ.

સ૦ : ગુજરાતના મોટા પર્વતો કયા કયા ?

જ૦ : આબુ, પાવાગઢ, સાતપૂડો, ચોટીલા, બરડો, ગિરનાર, શેત્રુંજો.

સ૦ : બે જણા વચ્ચેના કજિયાનો કોર્ટમાં નિકાલ કરે તે કોણ કહેવાય ?

જ૦ : ન્યાયાધીશ.

સ૦ : પદાર્થનાં ત્રણ રૂપ કયાં કયાં છે ?

જ૦ : ઘન, પ્રવાહી અને વાયુ.

સ૦ : કયાં કયાં પ્રાણીઓને જાડી ચામડી હોય છે ?

જ૦ : હાથી, ગેંડા અને કાચબા.

સ૦ : ઘાસલેટ એ શું હશે ?

જ૦ : ઘાસલેટ એ જમીનમાંથી નીકળતું એક જાતનું તેલ છે. તેના કૂવા હોય છે, ને પાણી પેઠે તે નીકળે છે.

સ૦ : કેસૂડાં કયાં ઝાડે થાય ?

જ૦ : ખાખરાના.

સ૦ : પેન્સિલ શાની બનતી હશે ?

જ૦ : પ્લમ્બેગોની. પ્લમ્બેગો નામની ધાતુ જમીનમાંથી નીકળે છે.

સ૦ : આપણાં શરીર પરની ચામડીનાં પડ કેટલાં ?

જ૦ : ત્રણ પડ છે.

સ૦ : વેલાવાળી વનસ્પતિ કઈ કઈ ?

જ૦ : ચીભડું, કારેલી, તૂંબડી, તૂરિયાં, દૂધી, ગિલોડી, ગલકાં, સાકરકોળું, શકરિયાં, ગળો, પોઈ, જુઈ, વગેરે.

સ૦ : પાણી ભરવા માટે માટીનું વાસણ શા માટે વાપરીએ છીએ ?

જ૦ : માટીના વાસણમાં પાણી બગડતું નથી. તેમાંથી પાણી ઝમે છે, એટલે પાણી ઠંડું રહે છે.

સ૦ : દૂધવાળા છોડ અને ઝાડ કયાં કયાં ?

જ૦ : થોર, ખરસાણી, આકડો, ઊમરો અને મહુડો.

સ૦ : મોતી શાનાં થતાં હશે ? ક્યાં થતાં હશે ?

જ૦ : દરિયાની કાળુ નામની માછલી પોતાના મોઢામાંથી રસી કાઢે છે, તેનાં મોતી

થાય છે. મોતી છીપમાં બંધાય છે. મોતી દક્ષિણ હિંદના કિનારે અને ઇરાનના અખાતમાંથી નીકળે છે.

સ૦ : ક્યાં ક્યાં ઝાડોમાંથી ગુંદર નીકળે છે?

જ૦ : બાવળ, ખેર, લીંબડો, એખરો, બોરડી, કડો, અગથિયો, ગોરડ.

સ૦ : હિંદમાં રેતીનાં રણો ક્યાં ક્યાં છે?

જ૦ : મારવાડ અને કચ્છમાં.

સ૦ : શરદ પૂનમની રાત ક્યારે આવે?

જ૦ : આસો સુદિ પૂનમ.

સ૦ : સૂર્ય ન હોય તો શું થાય?

જ૦ : ગરમી વિના આપણે સૌ મરી જઈએ; અનાજ પાકે નહિ; હવા ખરાબ થાય; હમેશાં અંધારું રહે.

સ૦ : દિવસે તારા કેમ નથી ઊગતા?

જ૦ : સૂર્યના તેજમાં તેમનું તેજ દેખાતું નથી. તારા તો ઊંચે આકાશમાં હોય જ છે.

સ૦ : પીતળ અને કાંસું કઈ કઈ ધાતુઓનાં બને છે?

જ૦ : તાંબુ અને જસતની મેળવણીથી પીતળ થાય છે; તાંબુ અને કલઈની મેળવણીથી

કાંસું થાય છે.

સ૦ : પાણી અને દૂધ ગળીને શા માટે પીવાં ?

જ૦ : પાણી કે દૂધમાં જીવડાં કે કચરો હોય તે કાઢી નાખવા માટે.

સ૦ : શા માટે હાથ ધોઈને ખાવું ?

જ૦ : હાથે લાગેલ જંતુઓ કે કચરો પેટમાં ન જાય માટે.

સ૦ : ઘાસનાં નામો આવડે છે ? ઘોડાને કયું ઘાસ વધારે સારું ?

જ૦ : ઝીંઝવો, તોરણિયો, પરાળ, કડબ, દાભ, માલખું, સુંડિયું, ભૂપસી, રજકો, ધરો અને સરકટ. ઘોડાને માટે રજકો ને ગીની ગ્રાસ સારાં.

સ૦ : દાળનું આંધણ તપેલીમાં આવે છે ત્યારે તે પરનું ઢાંકણ કેમ ઊછળે છે ?

જ૦ : વરાળને લીધે.

સ૦ : શેરડીનું બી કેવું હોય ? શેરડી કેમ વવાય ?

જ૦ : શેરડીનું જુદું બી હોતું નથી; પણ શેરડીના સાંઠાની ગાંઠો આગળ આંખ હોય છે. આંખવાળા ગાંઠાની ત્રણ ત્રણ

આંગળની કાતળીઓને જમીનમાં ચોપ-
વાથી આંખમાંથી શેરડી ફૂટે છે.

સ૦ : આપણે ત્યાં પોપટ ક્યાંના વખણાય છે?

જ૦ : નર્મદા કાંઠે સુરપાણના.

સ૦ : દહાડે ક્યાં જાનવરો સંતાઈ બેસે છે?

જ૦ : ઘુવડ, ચામાચીડિયાં, વાગોળ.

સ૦ : ચાલતી ટ્રામે કે ગાડીએ નીચે ઊતરવું
હોય તો ઊતરનારે મોં કઈ બાજુએ
રાખીને ઊતરવું ?

જ૦ : જે તરફ ગાડી જતી હોય તે તરફ મોં
રાખીને ઊતરવું.

સ૦ : ક્યાં શાકભાજી ચોમાસામાં થાય? ક્યાં
શાકભાજી શિયાળામાં થાય? અને ક્યાં
શાકભાજી ઉનાળામાં થાય?

જ૦ : ચોમાસાનાં શાકભાજીમાં કારેલાં, તૂરિયાં,
ગલકાં, કોળું, ભૂરાં કોળાં, તૂંબડાં, દૂધી,
ગુવાર, ભીંડા, ચીભડાં, ને પંડોળાં.

શિયાળુ શાકભાજીમાં મૂળા, મોગરી,
રીંગણાં, શકરિયાં, સૂરણ, રતાળુ, બટેટાં,
મેથીની ભાજી ને વાલોળ.

ઉનાળુ શાકભાજીમાં કારેલાં, કોબી,

ભીંડા, ગુવારશિંગ, વગેરે.

સ૦ હાથી ક્યાં થતા હશે?

જ૦: સિંહલદ્વીપ, બ્રહ્મદેશ, મ્હૈસુર, ને દક્ષિણ આફ્રિકા.

સ૦: કયાં કયાં ફૂલોમાંથી રંગ કાઢી શકાય?

જ૦: કસૂંબી, શાળી, કેસૂડાં.

સ૦: ગાંધી, સલાટ, ભાડભૂંજો, કંસારો, કાટપીટિયો, ખલાસી, એ કોણ છે?

જ૦: ગાંધી=કરિયાણું વેચનાર.

સલાટ=પથ્થર ઘડનાર.

ભાડભૂંજો=ધાણી ચણા, મમરા, વગેરે શેકનાર

કંસારો=તાંબાપીતળનાં વાસણ ઘડનાર.

કાટપીટિયો=મકાન બાંધવાનાં લાકડાં વેચનાર.

ખલાસી=વહાણ ચલાવવાનું કામ કરનાર.

સ૦: હિન્દુસ્તાનના કયા ભાગમાં તાંબાની, સીસાની અને કલાઈની ખાણો છે?

જ૦: તાંબાની ખાણો દક્ષિણમાં, રાજપૂતાનામાં બંગાળ અને મધ્યપ્રાંતમાં તથા કાશ્મીર અને નેપાળમાં છે.

કલાઈ તથા સીસાની ખાણો હિંદ પાસે બ્રહ્મદેશમાં અને હજારીબાગ, ધારવાડ ને જાંબુઘોડા પ્રગણામાં છે.

સ૦ : હિંદમાંથી ખાસ કયો કયો માલ પરદેશ જાય છે?

જ૦ : રૂ, ચામડાં, હાડકાં, મોતી, તેજાના, કાપડ, કરિયાણાં, મેંગેનીઝ, તેલી બિયાં, શણ અને ચા.

સ૦ : કૂવા અને તળાવનાં પાણી શાં કારણોથી બગડે છે?

જ૦ : કૂવાનાં પાણી તેના કાંઠાનાં ઉપરનાં ઝાડનાં પાંદડાં પડવાથી, ખરાબ વાસણ અને દોરડાંથી, કાંઠા પરનું ગંદું પાણી અંદર જવાથી, અંદરના ગોખલામાં રહેતાં પક્ષીઓની ચરકથી અને આજુબાજુના ખાડામાં ભરાયેલાં પાણી જમીન વાટે નીચે થઈ કૂવામાં જવાથી બગડે છે.

તળાવનું પાણી કાંઠા પરનાં ઝાડનાં પાંદડાંથી, અંદરની વનસ્પતિ સડવાથી, ખરાબ કપડાં ધોવાથી, અંદર નાહાવાથી, ઢોરને અંદરથી નવડાવવાથી ને કાંઠા પર

લોકો ગંદકી કરે તે ચોમાસામાં ધોવાઈ અંદર જવાથી બગડે છે.

સ૦ : ક્યાં ક્યાં પ્રાણીઓ આંચળવાળાં ? ક્યાં પ્રાણીઓ ફાડી ખાનારાં ? અને ક્યાં પ્રાણીઓ વાગોળનારાં ?

જ૦ : ગાય, ભેંશ, બકરી, ઘેટી, ઊંટડી, હાથણી, કૂતરી, બિલાડી, એ આંચળવાળાં પ્રાણી છે.

વાઘ, સિંહ, વરુ, નાહાર, વગેરે ફાડી ખાનારાં પ્રાણીઓ ગણાય.

ગાય ભેંશ, બળદ, ઊંટ, બકરાં વગેરે વાગોળનારાં પ્રાણીઓ છે.

સ૦ : માણસના શરીરમાં ગરમી વધતી ઘટતી થવાથી શું થાય ? ગરમી બિલકુલ ઘટી જાય કે ખૂબ વધી જાય તો ?

જ૦ : ગરમી વધવા ઘટવાથી લોહીના હરવા-ફરવામાં ફેરફાર થાય ને ખોરાક પચ-વામાં ફેરફાર થાય. અતિશય વધઘટથી માણસ મરી જાય.

સ૦ : આપણે ત્યાં દ્રાક્ષ, ખજૂર અને ખારેક ક્યાંથી આવતાં હશે ?

જ૦ : ખજૂર અને ખારેક અરબસ્તાનમાંથી

આવે છે, અને દ્રાક્ષ ઈરાન તથા કાબૂલથી આવે છે.

સ૦ : પૂરતાં બારીબારણાં વિનાના ઘરમાં રહીએ તો શું નુકસાન થાય ?

જ૦ : હવા અને અજવાળું પૂરતું ન મળવાથી માંદા પડાય.

સ૦ : ક્યાં ક્યાં જીવડાંને સૂંઢ હશે ?

જ૦ : માખી અને મધમાખ.

સ૦ : પરબ એટલે શું ?

જ૦ : રસ્તે જતા વટેમાર્ગુઓને ઠેરઠેર પાણી પાવા માટે ઊભી કરેલી ઝૂંપડીઓ અથવા જગ્યાઓ.

સ૦ : ક્યા ક્યા છોડને ફૂલ આવતાં નથી ?

જ૦ : હંસરાજ, શેવાળ, લીલ, ફૂગ, બિલાડીના ટોપ.

સ૦ : ક્યા પ્રાણીના શરીરમાં ચાર વખત ફેરફાર થાય છે ?

જ૦ : ઇયળ.

સ૦ : ઉનાળામાં ધોળા રંગનાં કપડાં શા માટે સારાં ગણાય છે ?

જ૦ : ધોળો રંગ ગરમી ઝટ ચૂસે છે ને ઝટ

કાઢી નાખે છે, અને તેથી તાપ ઓછો લાગે છે માટે.

સ૦ : શેરડી સિવાય બીજી કઈ કઈ ચીજોમાંથી ખાંડ બનાવવામાં આવે છે?

જ૦ : બીટ નામના કંદમાંથી, ખજૂરીની તાડીના રસમાંથી, જારના સાંઠામાંથી તેમ જ બટેટામાંથી.

સ૦ : પૂંછડિયા તારા એટલે શું ?

જ૦ : જે તારાની પાછળ પ્રકાશવાળું ધજા જેવું લાંબું પૂંછડું હોય તેને ધૂમકેતુનો તારો અથવા પૂંછડિયો તારો કહેવામાં આવે છે.

સ૦ : આકાશમાં ઘણાં વાદળાં ક્યારે દેખાય છે?

જ૦ : ચોમાસામાં.

સ૦ : દરિયાનાં પાણી ચડે અને ઊતરે એને શું કહેવાય? એમ કેમ થતું હશે?

જ૦ : ભરતી અને ઓટ. પૃથ્વી ઉપર રહેલ પાણીને સૂર્ય અને ચંદ્રનું ખેંચાણ લાગવાથી ભરતીઓટ થાય છે.

સ૦ : ટૂંકી નજરનાં ચશ્માં તેમ જ લાંબી નજરનાં ચશ્માં એટલે શું ?

જ૦ : જ્યારે આપણને દૂરની ચીજો બરાબર ન દેખાતી હોય ત્યારે જે કાચનાં ચશ્માંથી આપણે દૂરનું બરાબર જોઈ શકીએ તે ટૂંકી નજરનાં ચશ્માં.

પાસેથી વસ્તુ કે અક્ષર ન દેખાતા હોય અથવા સોય પરોવી શકાતી ન હોય તો જે જાતના કાચનાં ચશ્માં પહેરવાં પડે તે લાંબી નજરનાં ચશ્માં.

ટૂંકી નજરનાં ચશ્માંથી દૂર દેખાય, લાંબી નજરનાં ચશ્માંથી નજીક દેખાય.

સ૦ : ઘરની નજીકના ખાડાઓમાં પાણી ભરાઈ રહે તો આપણને શું નુકસાન થાય ?

જ૦ : ખાડાના પાણીની દુર્ગંધ હવામાં જાય છે, ત્યાંથી શ્વાસોચ્છ્વાસમાં જાય ને તેથી શરીરને નુકસાન થાય છે. વળી ઝીણાં જંતુઓ પેદા થઈ હવામાં ભળી ગળામાં જાય છે; અને મચ્છર પેદા થઈ તે કરડે તેથી તાવ લાગુ પડે છે.

સ૦ : લોઢું ખુલ્લું રહેવાથી કેમ કટાતું હશે ?

જ૦ : લોઢું કે લોઢાના પદાર્થોને હવામાં રહેલો ઑક્સીજન નામનો વાયુ લાગવાથી તે

કટાય છે. વળી પાણીમાં ઑક્સીજન વધારે છે તેથી પાણીમાં લોઢું વધારે ને વહેલું કટાય છે.

સ૦ : જ્વાળામુખી પર્વત કેમ ફાટતો હશે ?

જ૦ : જમીનમાં ઊંડે જાતજાતના ક્ષારો અને બીજા પદાર્થો રહેલા છે એ પદાર્થો ભેગા થવાથી ગરમી પેદા થઈ તે સળગી ઊઠે છે, અને તેની વરાળ થાય છે. જ્યારે એ વરાળ બહાર નીકળવા જોર કરે છે ત્યારે જમીન ફાટીને તેમાંથી જ્વાળા, રસ, રાખ વગેરે નીકળે છે.

સ૦ : મચ્છરો ક્યાં થાય છે ?

જ૦ : તમામ ભેજવાળી જગ્યાએ, ખાળના પાણીની ગટરોમાં, ઘરની મોરીઓમાં, નઠારા ગંદા પાણીમાં ને ખાબોચિયાંમાં.

સ૦ : રામાયણમાં કયાં કયાં કાંડ અને મહાભારતમાં કયાં કયાં પર્વો છે ?

જ૦ : રામાયણમાં કુલ સાત કાંડો છે : બાલકાંડ, અયોધ્યાકાંડ, અરણ્યકાંડ, કિષ્કંધાકાંડ, સુંદરકાંડ, યુદ્ધકાંડ, ને ઉત્તરકાંડ.

મહાભારતમાં અઢાર પર્વો છે;

આદિ, સભા, વન, વિરાટ, ઉદ્યોગ, ભીષ્મ, દ્રોણ, કર્ણ, શલ્ય, સૌપ્તિક, સ્ત્રી, શાંતિ, અનુશાસન, આશ્વમેધિક, આશ્રમવાસિક, મૌસલ, મહાપ્રસ્થાનિક ને સ્વર્ગારોહણ.

સ૦ : બરફ શાનો થાય છે?

જ૦ : બરફ પાણીનો થાય છે. બરફ બે જાતના છે; એક કુદરતી અને બીજો કૃત્રિમ. પાણી ઠંડીથી ઠરી જઈ જામી જાય તે કુદરતી બરફ અને યંત્ર વડે પાણીમાંની ગરમી કાઢી લઈ પાણીને ઠારીને બરફ બનાવવામાં આવે તે કૃત્રિમ બરફ.

સ૦ : ટાંકણી શાની બને છે?

જ૦ : લોઢાના અથવા પીતળના તારની.

સ૦ : એક કારખાનામાં એક દિવસમાં આશરે કેટલીક ટાંકણીઓ બનતી હશે?

જ૦ : આઠ કરોડ ટાંકણીઓ.

સ૦ : ગણપતિ, વિષ્ણુ, સરસ્વતી, શિવ, કાર્તિકસ્વામી, શીતળા, એ હિંદુઓના દેવનાં કયાં કયાં વાહન ગણાય છે?

જ૦ : ગણપતિનું વાહન ઉંદર, વિષ્ણુનું ગરુડ, સરસ્વતીનું મોર, શિવનું વાહન પોઠિયો,

કાર્તિકસ્વામીનું મોર અને શીતળાનું વાહન ગધેડું છે.

સ૦ : અબરખ એ શું છે? ક્યાંથી મળે છે?

જ૦ : અબરખ પૃથ્વીમાંથી નીકળે છે. એનાં ધોળાં પાતળાં પડ હોય છે ને તે પારદર્શક હોય છે. અબરખ ઇડર, મોહનપુર, વિઝાગાપટ્ટણ, મ્હૈસુર, પંજાબ, બંગાળા ને રાજપૂતાના, એ સ્થળોમાંથી નીકળે છે.

સ૦ : મછવો, બતેલો, ફતેહમારી, વહાણ, આગબોટ, મનવાર, સબમરીન, એમાં શો ભેદ?

જ૦ : મછવો=કિનારેથી વહાણ સુધી લાવ જા કરનારી હોડી.

બતેલો=મછવાથી મોટી હોડી.

ફતેહમારી=બતેલાથી મોટું વહાણ.

વહાણ=લાકડાનું ઘણું મોટું વહાણ. એમાં હજારો ખાંડી માલ જાય.

આગબોટ=વરાળયંત્રથી ચાલનારું વહાણ. એમાં ઉતારુઓને લઈ જવાય છે.

મનવાર=લડાઈનું વહાણ. એના પર તોપો રાખવામાં આવે છે.

સબમરીન=દરિયાની સપાટીની અંદર

રહીને ચાલનારું લડાયક જહાજ.

સ૦ : જે ઝાડના બધા ભાગો ઉપયોગમાં આવે છે તેનું નામ કહેશો ?

જ૦ : નાળિયેરી.

સ૦ : માણસ સિવાય બીજાં કયાં પ્રાણીઓને સંગીતનો શોખ છે ?

જ૦ : સાપ અને હરણ.

સ૦ : પર્વત પર બરફ કેમ પડતો હશે ?

જ૦ : ઊંચાણ હોવાથી ત્યાં ઠંડી વધારે હોય છે. ઠંડીને લીધે હવામાંની વરાળ ઠરીને એકદમ બરફ થઈ જાય છે.

સ૦ : કયા પર્વતો ઉપર કાયમ બરફ રહે છે ?

જ૦ : હિંદમાં હિમાલય ને યુરોપમાં આલ્પ્સ.

સ૦ : અંગારાને પાણી છાંટ્યા વિના ઓલવી નાખવાનો ઉપાય કયો છે ? તેનું કારણ ?

જ૦ : અંગારા પર કાંઈક ઢાંકી દેવું. દેવતા સળગતા રહે છે એનું કારણ એ છે કે હવામાં એક વાયુ જેને ઓક્સીજન કહે છે તે બાળે છે. અંગાર પર કંઈ ઢાંકી દઈએ તો હવા અંદર ન જાય એટલે

અંગારા ઓલવાઈ જાય.

સ૦ : હજામ હજામત કરે ત્યારે ચામડામાંથી લોહી કેમ નીકળતું નથી ?

જ૦ : હજામતમાં માત્ર વાળ કપાય છે; અને વાળમાં લોહી નથી.

સ૦ : વાયુપુત્ર તથા અગ્નિપુત્ર કોણ કહેવાય છે ?

જ૦ : વાયુપુત્ર હનુમાનજી અને અગ્નિપુત્ર કાર્તિકસ્વામી.

સ૦ : જેમાંથી ફીણ નીકળે એવા પદાર્થો કયા કયા છે ?

જ૦ : સાબુ અને અરીઠાં.

સ૦ : નવ રત્નોનાં નામ અને રંગ કહેશો ?

જ૦ : માણેક=રાતું.
મોતી=સફેદ.
પરવાળું=રાતું.
પાનું=લીલું.
પોખરાજ=સહેજ પીળું.
હીરો=સફેદ.
શંનિ=અસમાની.
ગોમેદક=સહેજ લાલાશ અને પીળાશ પર.

લસણિયો=ગાયનું મૂત્ર અથવા બિલાડીની
આંખના રંગ જેવો.

સ૦ : દૂર તોપ ફૂટ્યા પછી પ્રથમ પ્રકાશ નજરે પડે છે ને પછી તેનો અવાજ સંભળાય છે; એમ કેમ હશે ?

જ૦ : પ્રકાશનો વેગ વધારે છે જ્યારે અવાજનો વેગ ઓછો હોય છે, તેથી.

સ૦ : પુરાણ કેટલાં છે ને કયાં કયાં?

જ૦ : પુરાણ અઢાર છે; બ્રહ્મ, પદ્મ, વિષ્ણુ, શિવ ભાગવત(દેવી), નારદ, માર્કંડેય, અગ્નિ, ભવિષ્ય, બ્રહ્મવૈવર્ત, લિંગ, વરાહ, સ્કંધ, વામન, કૂર્મ, મત્સ્ય, ગરુડ ને બ્રહ્માંડ.

સ૦ : હિંદમાં જૂના વખતના પ્રખ્યાત ખગોળ-શાસ્ત્રીઓ કોણ થઈ ગયા ?

જ૦ : આર્યભટ્ટ, વરાહમિહિર, બ્રહ્મગુપ્ત, ભાસ્કરાચાર્ય, ગણેશ દૈવજ્ઞ.

સ૦ : રેલ્વેના બે પાટાઓ સંધાય ત્યાં વચ્ચે જગા શા માટે રાખતા હશે ?

જ૦ : ગરમીથી લોઢું ફૂલે છે. રેલગાડી ચાલે ત્યારે પાટામાં ગરમી આવે છે, તેથી

તે ફૂલીને લાંબા થાય છે. જો પાટા પાસે પાસે જ હોય તો તે એકબીજા પર ચડી જાય અથવા વળી જાય, અને ગાડી બરાબર ચાલે નહિ.

સ૦ : ટેલિફોન એટલે શું ? અને એનો શો ઉપયોગ ?

જ૦ : ટેલિફોન એક જાતનું વીજળીનું યંત્ર છે. એમાં એવી ગોઠવણ છે કે દોરડાને એક છેડે ભૂંગળામાં મોં રાખી બોલીએ તો દોરડાને બીજે છેડે કાન આગળ રાખેલ ભૂંગળામાંથી સંભળાય છે. એક જગાએથી બીજી જગાએ સંદેશો પહોંચાડવા માટે અથવા રૂબરૂ જેમ વાતો કરવા માટે એનો ઉપયોગ છે.

સ૦ : ગંગ, તાનસેન અને ટોડરમલ. એ કોણ થઈ ગયા ?

જ૦ : ગંગ, અકબર બાદશાહની સભામાં એક પ્રસિદ્ધ કવિ અને જાતે બ્રાહ્મણ હતો. એ બહુ ઊંચી જાતનો કવિ હતો.

તાનસેન એ અકબર બાદશાહનો

માનીતો ગવૈયો હતો.

ટોડરમલ એ અકબર બાદશાહની સભામાં એક અમલદાર હતો. મહેસૂલની જમાબંધીના કામમાં તે પ્રવીણ હતો.

સ૦ : કઈ ધાતુઓ શુદ્ધ અને કઈ ધાતુઓ અશુદ્ધ કહેવાય છે?

જ૦ : સોનું, રૂપું, તાંબું, કલાઈ, સીસું, લોઢું અને પ્લેટીનમ, એ શુદ્ધ ધાતુઓ છે.

પીતળ, કાંસું, અને જર્મન સિલ્વર, એ અશુદ્ધ અથવા મિશ્ર ધાતુઓ છે.

સ૦ : ઘાસ અને ફળનાં બીજ એક ઠેકાણેથી બીજે ઠેકાણે શી રીતે જાય છે?

જ૦ : પવનથી; દરિયાનાં મોજાંથી; ફળો ખાઈ પક્ષીઓ હગારમાં જ્યાં ત્યાં ઠળિયા કાઢે છે તેથી; પાકીને ફાટેલા ફળમાંથી બિયાં બહાર ઊડે તેથી.

સ૦ : શ્રી : વિ. વિ.; રા. રા.; ચિ.; અ. સૌ.; ગં સ્વ.; લિ.; એટલે શું ?

જ૦ : શ્રી=શ્રીમતિ અથવા શ્રીયુત્.

વિ. વિ.=વિશેષ વિનંતી.

રા. રા.=રાજમાન્ય રાજેશ્રી.
ચિ.=ચિરંજીવી.
અ. સૌ.=અખંડ સૌભાગ્યવતી.
ગં. સ્વ.=ગંગા સ્વરૂપ.
લિ.=લિખિતંગ.

સ૦ : હોકાયંત્ર એટલે શું ? તે શા કામમાં આવે છે ?

જ૦ : દિશા જાણવાનું યંત્ર. એ યંત્રને ગમે તેમ હલાવીએ તોપણ તેની સોય ઉત્તર–દક્ષિણ જ રહે છે, આથી બધી દિશાઓની ખબર પડે છે. જંગલમાં અથવા દરિયા ઉપર દિશા જાણવા માટે તે બહુ ઉપયોગી છે.

સ૦ : ધ્રુવના તારાનું નામ કેમ પડયું ?

જ૦ : ઉત્તર દિશામાં આવેલો આ તારો બીજા તારાઓની જેમ ફરતો દેખાતો નથી; ધ્રુવ એટલે અચલ રહેતો દેખાય છે, માટે.

સ૦ : લાકડું ભોંયમાં દાટતાં પહેલાં તેના પર ડામર લગાડવામાં આવે છે તેનું કારણ શું હશે ?

જ૦ : ઊધઈ નામની જીવાત અથવા જમીનનો ભેજ વગેરેથી લાકડું ખવાઈ ન જાય માટે.

સ૦ : ચૂનાના ચણતરમાં ઈંટનો ઉપયોગ કરતા પહેલાં ઈંટને પાણીમાં કેમ પલાળે છે ?

જ૦ : ઈંટ પલાળેલી હોય તો ચૂનાનું પાણી ચૂસે નહિ ને ચૂનો કોરો પડે નહિ.

સ૦ : સળગાવવા માટે દીવાસળીને શા માટે ઘસવી પડે છે ?

જ૦ : દીવાસળીના ટોપકા ઉપર લગાડેલાં પદાર્થમાં એવો ગુણ છે કે તે ઘસવાથી જ સળગે.

સ૦ : હાથી, ઘોડો, ગાય અને ભેંશ, વધારેમાં વધારે કેટલાં વર્ષ જીવતાં હશે ?

જ૦ : હાથી ૧૦૦ થી ૧૨૫ વર્ષ, ઘોડો ૩૦ થી ૩૫ વર્ષ, ગાય ૨૫ અને ભેંશ ૩૫ થી ૪૦ વર્ષ જીવે છે.

સ૦ : હાથી કેટલો ભાર ઉપાડી શકે ?

જ૦ : આશરે સો મણ સુધી.

સ૦ : કચકડું કઈ જાતનો પદાર્થ છે ?

જ૦ : કાચબાની પીઠનું ઉપલું કોટલું ?

સ૦ : સૌથી વધારે ગરમી કયા લાકડામાં છે ?

જ૦ : અરણી અને વાંસ. અરણીનાં બે કટકા સામસામા ઘસવાથી તેમ જ જંગલમાં પાસે પાસે ઊગેલાને ઉપરાઉપરી પડેલા વાંસ એકબીજાની સાથે ઘસાવાથી આગ પેદા થાય છે.

સ૦ : દુનિયામાં મોટામાં મોટી હીરાની ખાણ કઈ ?

જ૦ : દક્ષિણ હૈદરાબાદ પાસે ગોવળકોંડાની.

સ૦ : થર્મોમિટર એટલે શું ? તે શા કામમાં આવે છે ?

જ૦ : થર્મોમિટર એટલે ગરમી માપવાનું યંત્ર, ગરમી કેટલી પડે છે અથવા માણસને તાવ કેટલો આવ્યો છે તે તેનાથી જાણી શકાય છે. એક કાચની પોલી નળીમાં પારો ભરી તેમાંથી હવા કાઢી લઈ બંધ કરવામાં આવે છે. નળી પર આંકા પાડેલા હોય છે. તાવ કે ગરમી પારા પર અસર કરે છે તેથી પારો ફૂલવાથી

ઉપર ચઢે છે. જે આંકા આગળ આવે તે આંકા ઉપરથી કહી શકાય છે કે તે કેટલી ડિગ્રી પર આવ્યો.

સ૦ : દેશી ચોપડા બાંધવાના કાગળ ગુજરાતમાં ક્યાંના વખણાય છે? તે કાગળો કઈ જાતના હોય છે?

જ૦ : અમદાવાદના. એને સાહેબખાની કાગળો કહે છે.

સ૦ : ઊધઈ અને કંસારી ન લાગે તેને માટે કઈ વસ્તુઓ વાપરવી?

જ૦ : સાપની કાંચળી, કાળીજીરી, કપૂર, નેપ્થેલીનની ગોળીઓ, વગેરે.

સ૦ : કઠણમાં કઠણ પથ્થર કઈ જાતનો થાય છે?

જ૦ : ગ્રેનાઈટ.

સ૦ : પાનમાં ખાવાનો કાથો શામાંથી બને છે?

જ૦ : ખેર નામના લાકડાના વહેરમાંથી.

સ૦ : ક્યા પ્રાણીનું લોહી ઠંડું હોય છે?

જ૦ : વહેલ નામના જળચર પ્રાણીનું તેમ જ માછલીનું.

સ૦ : કાન ન હોય છતાં સાંભળે તેવું જનાવર કયું છે?

જ૦ : સાપ.

સ૦ : હીરો શાનો બનેલો છે?

જ૦ : કોલસાનો.

સ૦ : આકાશમાં ગર્જના તથા તથા વીજળી થાય છે તેનાં કારણ કહેશો?

જ૦ : પવનથી વાદળાં એકબીજા સાથે અથડાય છે અને વાદળાંમાં જુદા જુદા ગુણવાળી વીજળી હોય છે તેથી ગર્જના ને વીજળી થાય છે.

સ૦ : એક ઈંચ વરસાદ પડ્યો એટલે શું સમજવું?

જ૦ : એક મોટો શીશો હોય છે. તેના મોં ઉપર અંદર જાય તેવી નળીવાળી શીશાના ઘેરાવ જેટલી ઘેરદાર ગળણી મૂકવામાં આવે છે. આ શીશો ખુલ્લી જગામાં

મૂકવામાં આવે છે. ગળણીમાં વરસાદના છાંટા પડીને શીશામાં પાણી એકઠું થાય છે. આ શીશા ઉપર ઇંચ માપવાના આંકા હોય છે. જેટલા આંકા સુધી પાણી ભરાય તેટલા ઇંચ પાણી પડ્યું કહેવાય.

# ઉત્તમ બાલ–કિશોર સાહિત્ય

## સ્વ. ગિજુભાઈ સંપાદિત : દક્ષિણામૂર્તિ બાલસાહિત્ય

| | | |
|---|---|---|
| બાળવાર્તાઓ ૧ થી ૫ ... ... | સેટના ... | ૯–૭૫ |
| બાળલોકગીત સંગ્રહ ૧–૨ ... ... | ,, ... | ૨–૦૦ |
| બાલસાહિત્ય માળા (૮૦ પુસ્તકો) ... | ,, ... | ૪૦–૦૦ |
| બાલસાહિત્ય ગુચ્છ (૨૫ પુસ્તકો) ... | ,, ... | ૧૪–૦૦ |
| બાલસાહિત્ય વાટિકા–૧ (૩૨ પુસ્તકો) | ,, ... | ૪૨–૫૦ |
| બાલસાહિત્ય વાટિકા–૨ (૧૬ પુસ્તકો) | ,, ... | ૨૩-૫૦ |

| | | | |
|---|---|---|---|
| કિશોર કથાઓ ૧–૨ | ૪–૦૦ | ધર્માત્માઓનાં ચરિત્રો | ૨–૫૦ |
| રખડુ ટોળી ... | ૪–૫૦ | ભગવાન બુદ્ધ ... | (છપાશે) |

## શ્રી નાનાભાઈ ભટ્ટ કૃત

| | | |
|---|---|---|
| મહાભારતનાં પાત્રો (૧૩ પુસ્તકો) ... | સેટના ... | ૨૦–૫૦ |
| રામાયણનાં પાત્રો (૬ પુસ્તકો) ... | ,, ... | ૧૨–૦૦ |
| હિંદુધર્મની આખ્યાયિકાઓ ખંડ ૧–૨ | ,, ... | ૫–૫૦ |

| | | | |
|---|---|---|---|
| શ્રીમદ્ લોકભાગવત | ૭–૫૦ | ભાગવતકથાઓ | ૩–૦૦ |

## શ્રી મૂળશંકર મો. ભટ્ટ કૃત

| | | | |
|---|---|---|---|
| સાગરસમ્રાટ ... | ૩–૦૦ | પાતાળ પ્રવેશ ... | ૨–૫૦ |
| સાહસિકોની સૃષ્ટિ | ૪–૫૦ | ખજાનાની શોધમાં | ૨–૫૦ |

## પાંચ વિશિષ્ઠ ગ્રંથાવલિઓ

| | | |
|---|---|---|
| નગર ગ્રંથાવલિ...લે૦ ધીરજલાલ ગજ્જર ... | સેટના | ૮–૦૦ |
| જ્ઞાન–વિજ્ઞાન ગ્રંથાવલિ...લે૦ ગિરીશ ગણાત્રા | ,, | ૭–૫૦ |
| કમલ કિતાબ (સચિત્ર ૧૦ પુસ્તકો) ... | ,, | ૭–૫૦ |
| ટારઝન ૧ થી ૧૦...લે૦ શંકર શાહ ... | ,, | ૧૩–૫૦ |
| સાહસકથાઓ (૩૧ પુસ્તકો) ... ... | ,, | ૭૧–૨૫ |

**આર. આર. શેઠની કંપની** મુંબઈ–૨ અમદાવાદ–૧


કવર શ્રી પ્રવીણ પ્રિન્ટરી, સોનગઢ